**આંક–૧૬.**

**શ્રી એસ.ડબલ્યુ.વાઘ, ઓથોરીટી ફોર ધી પે.વે.એકટ,લેબરકોર્ટ, સુરત સમક્ષ.**

**પે.વે.અરજી નં. ૭૧૫/૨૦૦૯**

**અરજદાર :–** શ્રી મનોજકુમાર એમ.પટેલ તથા
પરિશિષ્ટ મુજબના કામદારો,
૯/૦. ન્યુઓલ ઈંડીયા મઝદુર યુનીયન,
૧૦૧,આર્શીવાદ, દર્શન બાબગની સામે, સૈફી કોમ્પ્લેક્ષની
બાજુમાં, ઉધના,સુરત.

**વિરુદ્ધ**

**સામાવાળા :–** હીરા સિન્ટેક્ષ,
શેઠશ્રી પૂનિતભાઈ જી.વીજ તથા અમીતભાઈ જી.વીજ,
પ્લોટનં. ૪૮/૧, જી.આઈ.ડી.સી.,પાંડેસરા,સુરત.

**પ્રતિનિધિત્વ :–** અરજદાર તરફે પ્રતિનિધિશ્રી મનોજભાઈ પટેલ,
સામાવાળા તરફે વકીલશ્રી મુકેશભાઈ ખાખરીયા.

**: ચુ કા દો:**

સદર અરજી,અરજદારે વેતન ચુકવણી ધારાની કલમ–૧૫(૨) હેઠળ સામાવાળા વિરુદ્ધ દાખલ કરી તેમના બાકી નાણાં ચુકવી આપવાની દાદ માંગી છે.

૨. અરજદારની અરજીની ટૂંક હકિકત જોઈએ તો, પરિશિષ્ટ મુજબના કામદારો સામાવાળા સંસ્થામાં પરિશિષ્ટ મુજબના વર્ષ, હોદ્દો અને પગારથી ખંત અને પ્રમાણિકતાથી નોકરીની ફરજ બજાવતા હતા.અને તેઓનો સામાવાળા સાથે માલિક–કામદારનો સંબંધ છે. આ કામના સામાવાળાને મજૂર કાયદાઓ લાગુ પડે છે અને તેનું પાલન કરવાની સામાવાળાની જવાબદારી છે તેમ છતાં સામાવાળા

પરિશિષ્ટ મુજબના કામદારોને હાજરીકાર્ડ, પગાર સ્લીપ,હકરજા, ઓવરટાઇમ  કામનો પગાર વિગરે તેમજ કાયદા મુજબના હકકો અને લાભો આપતા ન હતા. તેની માંગણી કરતા સામાવાળાએ અરજદારોને  કોઈપણ જાતના વાંક ગુના વગર કે નોટીસ આપ્યા વગર કે ખાતાકીય તપાસ કર્યા વગર મૌખીક હુકમથી તા.૦૭/૧૨/૨૦૦૯ ના રોજથી નોકરીમાંથી છુટા કરી દીધેલ છે.અને તેમ કરતા પહેલા અરજદારના કાયદેસરના હકકોના નાણાં આપેલ નથી. આથી અરજદારે આ અરજી કરી તેઓના બાકી પગાર,ઓવર ટાઇમ, હકક રજા બોનસના મળીકુલે રૂા.૧,૧૨,૦૦૦/–મેળવવાની દાદ માંગેલ છે.

૩.  સદર કામે અરજદારની અરજી અન્વયે  સામાવાળાને ધોરણસરની  નોટીસ બજાવવામાં આવતા સામાવાળા તરફે આંક–૧૪ થી  જવાબ રજુ કરી અરજદારોની અરજીની હકિકતોનો ઈન્કાર કરી  જણાવેલ છે કે,તેઓની સંસ્થાને જે કાયદાઓ લાગુ પડે છે તેનું પાલન કાયદાનીમર્યાદામાં રહી પાલન કરતા આવેલા છે.  અરજદારોએ સામાવાળાને ત્યાં કદી પણકામદાર તરીકે કામ કરેલ નથી કે સામાવાાળાએ કદી પણ તેમની પાસે કામ કરાવેલ નથી. સામાવાળા અને કામદારો વચ્ચે કામદાર–માલિકનો સંબંધ કદીપણ અસ્તીત્વમાં ન હતો. આથી તેઓને મૌખિક હુકમથી કાયદેસરની કાર્યવાહી કર્યા વગર છુટા કરી દેવાનો સવાલ પેદા થતો નથી. અરજદારો સામાવાળાના કામદાર ન હોય પરિશિષ્ટ મુજબની રકમ જણાવેલ છે તે મેળવવા હકકદાર બનતા નથી. તેઓએ  સામાવાળાને ત્યાં કામ કરેલ નથી આથી અરજદારોની આ અરજી ચાલી શકતી નથી અને રદ થવાને પાત્ર છે.

૪. મજકુર કામ પુરાવા પર રાખવામાં આવતાં ઘણાં લાંબા સમયથી અરજદાર અદાલત સમક્ષ હાજર રહેલ નથી. સદર કામ અરજદારના પુરાવા માટે ઘણાં સમયથી હોય અરજદાર પુરાવો રજુ કરતા ન હોય, તેમજ સામાવાળા તરફે કોઈ પુરાવો રજુ કરતા ન હોય આંક-૧ ની અરજી પર હુકમ કરી બંન્ને પક્ષકારોનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ દલીલ પર રાખવામાં આવેલ. દલીલના તબકકે બંન્ને પક્ષકારો તરફે કોઈ હાજર ન રહેતા અને દલીલ ન કરતાં સદર કેસનો નિર્ણય ગુણદોષ પર કરવામાં આવે છે. કેસનું રેકર્ડ વંચાણે લીધું. આ કામનાં ન્યાય-નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા નં. ૧.</u>** શું અરજદાર તેમની અરજીમાં જણાવેલ લેણી રકમ સામાવાળા પાસેથી મેળવવા કાયદેસર હકકદાર થાયછે.?

**મુદ્દા નં. ૨.** શું છેવટનો હુકમ કરવો જોઈએ.?

ઉપરના મુદ્દાઓનો મારો નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં. ૧.</u>** નકારમાં.

**<u>મુદ્દા નં. ૨.</u>** છેલ્લા હુકમ મુજબ.

૫. સદર કામનો ગુણદોષ પર નિર્ણય કરતાં પહેલા ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટ,૧૯૩૬ની કલમ-૧૫ અને ૧૫(૨) વંચાણે લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**<u>The payment of Wages Act, 1936</u> .**

Section.15 - Claims arising out of deductions from wages or delay in payment of wages and penalty for malicious or vexatious claims.

**Section.15(2)** - Where contrary to the provisions of this Act any deduction has been made from the wages of an employed person, or any payment of wages has been delayed, such person himself, or any legal practitioner or any official of a registered trade union authorised in writing to act on his behalf, or any Inspector under this Act, or any other person acting with the permission of the authority appointed under sub-section (1), may apply to such authority for a direction under sub-section (3).

Provided that every such application shall be presented within [twelve months] from the date on which the deduction from the wages was made or from the date on which the payment of the wages was due to be made, as the case may be.

Provided further that any application may be admitted after the said period of [twelve months] when the applicant satisfies the authority that he

had sufficient cause for not making the application within such period.

૬. ઉપરોકત કલમો વંચાણે લેતાં એવું જણાય છે કે, જો કોઈ કામદારના વેજીસમાંથી કપાત કરાયેલ હોય અથવા તો તેના વેજીસની ચુકવણીમાં મોડું કર્યું હોય તો, આવા કામદાર તેના કાયદાકીય પ્રતિનિધિ/એડવોકેટ/ઓથોરાઈઝડ માણસ ધ્વારા લેબર કોર્ટને પોતાના વેજીસ મેળવવા માટેની અરજી કરી શકશે. આવી અરજી એક વર્ષની અંદર કરવી પડશે અને જો મોડી દાખલ થશે તો પૂરતા કારણો બતાવી ડીલે મંજુર કર્યાબાદ નામ. લેબર કોર્ટ તેને દાખલ કરવાની પરવાનગી આપી શકશે.

૭. કેસની હકિકત જોતાં અરજદારો સામાવાળા સંસ્થામાં પરિશિષ્ટ મુજબના વર્ષ,પગાર અને હોદ્દાથી ખંત અને પ્રમાણિકતાથી નોકરીની ફરજ બજાવતા હતા. સામાવાળાને મજૂર કાયદાઓ લાગુ પડે છે તેનું પાલન કરવાની સામાવાળાની જવાબદારી છે. સામાવાળા કામદારોને હાજરીકાર્ડ, પગાર સ્લીપ,હકરજા, ઓવરટાઈમ કામનો પગાર વિગરે તેમજ કાયદા મુજબના હકકો અને લાભો આપતા ન હતા. તા.૦૭/૧૨/૨૦૦૯ ના રોજથી કોઈ પણ જાતની શોકોઝ નોટીસ કે ચેતવણી નોટીસ આપ્યા વગર કે ખાતાકીય તપાસ કર્યા વગર મૌખીક હુકમથી નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. અને તેમ કરતા પહેલા અરજદારના કાયદેસરના હકકોના નાણાં આપેલ નથી. આથી અરજદારે તેમની મુળ અરજીમાં જણાવ્યા પ્રમાણે સામાવાળા પાસેથી લેણાં નાણાંની માંગણી કરેલ છે. જયારે સામાવાળાએ તેમના જવાબમાં જણાવેલ છે કે,

અરજદારે સામાવાળાને ત્યાં કદી પણ કામદાર તરીકે કામ કરેલ નથી કે સામાવાાળાએ કદી પણ તેમની પાસે કામ કરાવેલ નથી. સામાવાળા અને કામદારો વચ્ચે કામદાર–માલિકનો સંબંધ કદીપણ અસ્તીત્વમાં ન હતો. આથી તેઓને મૌખિક હુકમથી કાયદેસરની કાર્યવાહી કર્યા વગર છુટા કરી દેવાનો સવાલ પેદા થતો નથી. અરજદારે તેમની અરજીના સમર્થનમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.તેમજ સદર કામે અરજદાર તરફે કામદાર– માલિકનો સંબંધ સામાવાળા સાથે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. તેમજ તેઓએ પોતાના વેતન અંગેનો પણ કોઈ પ્રાથમિક પુરાવો અત્રેની અદાલતમાં રજુ કરેલ નથી. વધુમાં અરજદારે સદર કામે તેઓનો પ્રીએકઝીસ્ટીંગ રાઈટ સદર લેણાં અંગેનો છે કે કેમ? તે અંગે પણ કોઈ સ્પષ્ટતા કે પુરાવો રજુ કરેલ નથી જેથી અરજદાર સદર વેજીસ પ્રાપ્ત કરી શકે તેવું જણાતું નથી. આમ અરજદારે તેમની અરજીમાં માંગ્યા મુજબની રકમ મેળવવા પ્રસ્થાપિત હકક પુરવાર કરેલ નથી. અદાલત સમક્ષ તેઓએ સાક્ષી પુરાવા રજુ કરી તેમની અરજીને સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી.જેથી તેમની અરજીમાં જણાવેલ હકિકતો પુરાવાના સમર્થનના અભાવે માની શકાય નહિં. સદર કામે સામાવાળા તરફે રજુ થયેલ જવાબની હકિકતને અરજદારે પુરાવો રજુ કરી પડકારેલ નથી.આવા સંજોગોમાં જયારે અરજદાર તેઓની અરજીની હકિકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેઓ માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર થતા ન હોઈ, મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે  નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **હુકમ**

૧. અરજદારની અરજી નામંજુર કરવામાં આવે છે.

૨. સદર કામે આંક–૨ નીચે થયેલ હુકમ વેકેટ કરવામાં આવે છે.

૩. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ જાહેર કર્યો.

સુરત.
તા. ૧૮/૦૯/૨૦૧૮.

**(સુનિલ વામન વાઘ)**
ઓથોરીટી, અંડર ધી પે.વે.એકટ,સુરત.
U.I.C.NO.GJ01258